**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**મહાનગર સેવા સદન, અમદાવાદ**

**બગીચા ખાતુ, રસાલા નર્સરી, જી.આઇ.સી.અઇ.એ. ભવન સામે,**

**લૉ-ગાર્ડન બી.આર.ટી..એસ. બસ સ્ટેન્ડ સામે, એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬.**

**સંપર્ક નંબર :- ૦૭૯-૨૯૯૧૬૩૫૫, ઇ-મેઇલ એડ્રેસ : jigneshpatel@ahmedabadcity.gov.in**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત ફ્લાવર શૉ - ૨૦૨૪

| | |
|---|---|
| **કાર્યક્રમનું સ્થળ** | સાબરમતી રીવર ફ્રન્ટ, ફ્લાવર ગાર્ડન અને ઈવેન્ટ ગ્રાઉન્ડ વિસ્તાર, ટાગોર હોલ પાછળ, પાલડી. |
| **કાર્યક્રમનાં દિવસો** | જાન્યુઆરી-૨૦૨૪ નું પ્રથમ પખવાડીયુ |

## નર્સરી સ્ટોલ્સ / અન્ય સ્ટોલ્સ / ફુડ સ્ટોલ્સ ભાડે રાખવા માટેનું અરજી પત્રક

૧. સંસ્થાનું નામ :

૨. સંસ્થાનું સરનામું :

૩. સંસ્થાનો કોન્ટેક્ટ નંબર : લેન્ડલાઇન : મોબાઇલ :

ઇ-મેઇલ :

૫. ફુડ સ્ટોલ્સ મેળવવા માંગતી એજન્સી હોય તો ફુડ
FSSAI લાયસન્સ નંબર (નકલ ફરજીયાત બિડવી) :

૪. સંસ્થાનું વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર :

૫. સંસ્થાનું ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન નંબર :

૬. સંસ્થાનો પાન નંબર :

૭. જી.એસ.ટી. નંબર (નકલ ફરજીયાત બિડવી) :

૮. સંસ્થા દ્વારા માંગણી કરવામાં આવેલ સ્ટોલની સાઇઝ/પ્રકાર અને સંખ્યા :

૯. સ્ટોલ્સમાં પ્રદર્શીત/ વેચાણ કરવામાં આવનાર વસ્તુની ટૂંકી વિગત :

૧૦. સંસ્થા દ્વારા ચુકવવાની ભાડાની રકમ (જી.એસ.ટી. સાથે) :

૧૧. ભાડા ચુકવણીની વિગત : ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી

તારીખ :
સ્થળ :

અરજદારની સહી
સંસ્થાનું નામ તથા સિક્કો

# -: નિયમો : -

૧૨. ફલાવર શૉ સ્થળે નીચે જણાવ્યા મુજબનાં સ્ટોલ્સ ભાડેથી આપવામાં આવનાર છે.

| વિગત | સાઇઝ | સંખ્યા | વસુલવામાં આવનાર ભાડુ (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ) | હરાજીની બેઝીક પ્રાઇઝ રૂા. (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ) | હરાજીનો સમય |
|---|---|---|---|---|---|
| નર્સરી | ૨૦ મીટર x ૨૦ મીટર | ૭ | જાહેર હરાજીથી | ૫૦,૦૦૦=૦૦ | તા.૧૫-૧૨-૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ સુધી |
| અન્ય સ્ટોલ્સ | ૩ મીટર x ૩ મીટર | ૨૦ | જાહેર હરાજીથી | ૪૦,૦૦૦=૦૦ | તા.૧૫-૧૨-૨૦૨૩ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ સુધી |
| ફુડ સ્ટોલ્સ | ૩ મીટર x ૩ મીટર | ૧૫ | જાહેર હરાજીથી | ૪૦,૦૦૦=૦૦ | તા.૧૫-૧૨-૨૦૨૩ બપોરે ૦૧.૦૦ થી ૦૨.૦૦ સુધી |

૧૩. જાહેર હરાજી દ્વારા બુકીંગ થઇ ગયા બાદ આવેલ અરજદારની અરજી સ્વીકારવામાં આવશે નહી.

૧૪. નિયત ભાડાની રકમ ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી જ જમા કરાવવાની રહેશે. ડી.ડી. અથવા પે ઓર્ડર "મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ"નાં નામનો બનાવવાનો રહેશે.

૧૫. હરાજીમાં નક્કી થયા મુજબની રકમ પણ ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડરથી જ "મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ"નાં નામનો બનાવી જમા કરાવાની રહેશે.

૧૬. સંપુર્ણ વિગતો ભરેલ અરજી ફોર્મ બગીચા ખાતુ, રસાલા નર્સરી, લૉ-ગાર્ડન બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, એલીસ બ્રીજ જીમખાના પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે બગીચા ખાતાની કચેરીએ ઓફિસ સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે.

૧૭. જે તે સ્ટોલ્સ પેટે ઉપર પત્રકમાં દર્શાવેલ મિનીમમ ભાડાની રકમનો ડી.ડી. /પે-ઓર્ડર હરાજી સમયે સાથે લાવવાનો રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૧૮. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સનાં હરાજીની કુલ રકમ ઉપરાંત લાગૂ પડતા જી.એસ.ટી. સાથેની રકમ અ.મ્યુ.કો. માં જમા કરાવવાની રહેશે.

૧૯. જે ચીજ-વસ્તુનાં વેચાણ માટે સ્ટોલ્સનું બુકીંગ કરાવેલ તેવા સ્ટોલ્સ મારફતે ફકત તે જ ચીજ-વસ્તુઓનું વેચાણ કરી શકાશે. દા.ત.નર્સરી માટે લેવામાં આવેલ સ્ટોલ્સનો ઉપયોગ ફકત ફુલ-છડનાં રોપાનાં વેચાણ માટે જ કરી શકાશે.

૨૦. ફુડ સ્ટોલ્સમાં ભાગ લેવા માટે હાલમાં FSSAI નું લાયસન્સ ધરાવતી એજન્સી જ હરાજીમાં ભાગ લઇ શકશે તેમજ FSSAI નું લાયસન્સની નકલ ફોર્મ સાથે બિડવાની રહેશે.

૨૧. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સ બુકીંગ માટે ભરેલ ભાડું નૉન-રીફંડેબલ તેમજ નૉન-ટ્રાન્સફરેબલ રહેશે. જે વ્યકિત/ સંસ્થાનાં નામે સ્ટોલ બુકિંગ થયેલ હશે તે વ્યકિત/ સંસ્થા પોતે જ સ્ટોલ્સનો ઉપયોગ બુકિંગ કરેલ હેતુ માટે કરી શકશે. અન્ય કોઇ વ્યકિત/ સંસ્થાને સ્ટોલ્સનો કોઇ પણ ભાગ ઉપયોગ માટે આપી શકશે નહી.

૨૨. દરેક સંસ્થા પોતાને ફાળવેલ સ્ટોલ્સ સિવાયની જગ્યામાં પોતાનો માલ-સામાન મુકી શકશે નહી તથા પોતાની સંસ્થા/ કંપનીની જાહેરાત પ્રદર્શીત કરી શકશે નહી.

૨૩. દરેક સ્ટોલ્સમાં થ્રી ફેઝ લાઇટનો એક પોઇન્ટ, એક ટેબલ તથા બે ખુરશીની સવલત આપવામાં આવશે.

૨૪. સ્ટોલ્સમાં જો વધારાનાં લાઇટનાં પોઇન્ટની સુવિધાની જરૂરીયાત હશે તો પ્રતિ પોઇન્ટ રૂા.૫૦૦/- લઇ આપવામાં આવશે.

૨૫. ફુડ કોર્ટમાં નૉનવેજ, ઇંડાની બનાવટો કે પાન-મસાલા-ગુટખા અને તમાકુની બનાવટોનું વેચાણ થઇ શકશે નહી.

૨૬. ટેમ્પરરી ઉભા કરેલ ફુડ કોર્ટમાં ગેસ સ્ટવ કે ચુલાનો ઉપયોગ કરી શકાશે નહી, ઓવનનો ઉપયોગ કરી શકાશે.

૨૭. સ્ટોલ્સ ધારક સામાનની હેર-ફેર માટે જરૂરી વાહનો સવારે ૯.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યા બાદ જ ફલાવર શૉ પ્રદર્શન સ્થળે પ્રવેશ કરાવી શકશે.

૨૮. નર્સરી સ્ટોલ્સ ધારકને ૬ નંગ પાસ, અન્ય સ્ટોલ્સ ધારકને ૪ નંગ પાસ અને ફુડ કોર્ટનાં સ્ટોલ્સ ધારકને ૪ નંગ પાસ ઈસ્યુ કરવામાં આવશે. જે માટે સ્ટોલ્સ ધારકે પોતાના લેટરહેડ પર જે વ્યક્તિને પાસ ઈસ્યુ કરવાનો હોય તેનું નામ, નંબર તથા પાસપોર્ટ સઈઝનાં ફોટોગ્રાફસ અરજી સાથે મોકલી આપવાનાં રહેશે.

૨૯. ફલાવર શૉ કાર્યક્રમ દરમ્યાન જે તે સમયની સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ SOP ની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૦. મ્યુનિ. કમિશનરશ્રી કોઈપણ જાતનાં કારણો આપ્યા વગર સંપુર્ણપણે કે અંશતઃ સ્વીકાર/અસ્વીકાર કરી શકશે.

૩૧. આ બાબતે કોઈપણ વાદ-વિવાદ ઉભો થશે તો મે. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

મેં / અમે ઉપરોક્ત જણાવેલ તમામ નિયમો વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઈપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહીં.

તારીખ :

સ્થળ :

...............................

અરજદારની સહી

સંસ્થાનું નામ તથા સિકકો